# સત્સંગ સમાચાર

## માણાવદર તીર્થમાં ઉત્સવ આનંદ

શ્રી અક્ષરદેરી સમાન પ્રાસાદિક માણાવદર મંદિરનો ૬૧મો પાટોત્સવ અને બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજનો ૧૦૮મો પ્રાગટ્યદિન ૧૨ જૂન ૨૦૨૫ના રોજ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પુનિત ઉપસ્થિતિમાં ભવ્યતાથી ઉજવાયો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સ્વહસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરી ભક્તોને ભેટ દીધેલી પ્રસાદીની અક્ષરદેરીમાં ઉત્સવ આનંદ ૬ જૂનથી જ શરૂ થઈ ગયો. ૬ જૂને વહેલી સવારે યોગી ડિવાઇન સોસાયટી-પવઈથી પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ ને સંતો સાથે ૨૦૦ જેટલા અક્ષરમુકતો માણાવદર પધાર્યા. સ્થાનિક સંતો-ભક્તોએ તેઓનાં સ્વાગત કર્યાં. ત્યારબાદ ત્રણ દિવસ સુધી માણાવદર રોકાઈને વિવિધ ઉત્સવોમાં સહભાગી બની, સૌરાષ્ટ્રનાં પ્રાસાદિક સ્થાનોની પંચતીર્થી યાત્રા કરી. ૭ જૂનના રોજ સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની સ્મૃતિમાં સુંદર કીર્તન આરાધનાનું આયોજન થયું, તેમાં મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્રનાં યુવાન-યુવતીઓએ ખૂબ અદ્‌ભુત ભજનો ગાયાં. ૮ જૂનના રોજ બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના માહાત્મ્યદર્શનની સભામાં પૂ. ભરતભાઈ અને પૂ. વશીભાઈએ આધ્યાત્મિક ભાથું પીરસ્યું તથા પૂ. કાકાજી મહારાજની અમૃતવાણીનાં ઑડિયો ક્લિપ દ્વારા શ્રવણ કરી સૌએ ધન્યતા અનુભવી.

૯ જૂનની સાંજે ગુરુહરિ સંતભગવંત સાહેબજી તેઓની સાથે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. અરુણદાદા, પૂ. મનોજદાસજી અને ૫૫ જેટલા સંતોને લઈને માણાવદર પધાર્યા. આ ધન્ય પ્રસંગે સૌરાષ્ટ્ર અને કચ્છની દીકરીઓએ નૃત્ય દ્વારા સૌ સંતોનાં ખૂબ સુંદર સ્વાગત કર્યાં. સ્વાગતસભામાં સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી સૌને અલૌકિક સુખ આપ્યું.

૧૦ અને ૧૧ જૂન-એમ બે દિવસ 'શ્રી ગુરુ આજ્ઞાપાલન દ્વારા શ્રી ગુરુહરિની પ્રસન્નતા' વિષય પર સંતશિબિરનું આયોજન કરવામાં આવ્યું. ૧૦મીએ સવાર-સાંજનાં બે સત્રો ને ૧૧મીએ સવારનું સત્ર એમ કુલ ત્રણ સત્રોમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે સંતશિબિરમાં અધ્યાત્મલક્ષી, આચારસંહિતાલક્ષી, સત્સંગ વ્યવસ્થાપનલક્ષી અદ્‌ભુત વાતો થઈ, જેમાં સૌએ ખૂબ બળ મેળવ્યાં.

૧૧ જૂન – બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના પ્રાગટ્યપર્વની પૂર્વ સંધ્યાએ સંતો દ્વારા અદ્‌ભુત કીર્તન આરાધના પ્રસ્તુત થઈ. સંતો અને ભાવિક યુવાઓના મધુર કંઠે રેલાયેલાં મહિમાસભર કીર્તનોનાં શ્રવણ કરી સૌ મંત્રમુગ્ધ થઈ ગયા. સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે પ્રગટ થતા આ બ્રહ્માનંદને માણી સ્થાનિક હરિભક્તો નાચી ઉઠ્યા. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આ પ્રસંગે આશીર્વાદ વરસાવી રાજીપો વ્યક્ત કર્યો.

૧૨ જૂન – માણાવદરની પ્રાસાદિક શ્રી અક્ષરદેરીનો પાટોત્સવ અને પ.પૂ. કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન ! વહેલી સવારથી ધૂન પ્રભાતિયાં-આરતી દ્વારા દિવસનો શુભ આરંભ થયો. ત્યારબાદ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ દ્વારા પાટોત્સવ વિધિ સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. સરજુદાસ અને પૂ. તુષારદાસે અત્યંત ભાવથી કરાવી અને વડીલ સંતોએ અપાર ભક્તિથી શ્રી ઠાકોરજી સમક્ષ પધારી પાટોત્સવ પૂજન કર્યાં. પાટોત્સવની આરતી સંતભગવંત સાહેબજીએ ઉતારી સૌને અદ્‌ભુત સ્મૃતિઓ આપી.

પાટોત્સવ વિધિ બાદ મંદિરની બહાર હૉલમાં મુખ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. શ્રી ઠાકોરજી મહારાજ અને મંચસ્થ સૌનાં



સ્વાગતનૃત્ય દ્વારા સાહેબજી અને સંતોનાં માણાવદર તીર્થમાં સ્વાગત



માણાવદર તીર્થમાં સાહેબજીના સાંનિધ્યે સંતો-યુવાનો દ્વારા અર્પણ કીર્તનઆરાધના

પૂજન કરી, પુષ્પાર્પણ દ્વારા સ્વાગત કરી સત્સંગસભાનો આરંભ થયો. સભામાં બિરાજભાઈ, મુકુન્દભાઈએ અક્ષરદેરી અને તેની સેવામાં સમર્પિત અનુપમ મિશનના સંતોના મહિમાની મનનીય વાતો કરી. ત્યારબાદ સાધુ પૂ. દિનેશદાસજીએ મહિમાગાન કર્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અક્ષરદેરીના શ્રી ઠાકોરજી સન્મુખ દરરોજ ૧૫ મિનિટ ધૂન કરવાની આજ્ઞા કરી આશીર્વાદ વરસાવ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ કાકાજી મહારાજના મહિમાની વાતો કરી શ્રી ગુરુ આજ્ઞાપાલનનું મહત્ત્વ અને તેની અનિવાર્યતા સમજાવી આશિષ પ્રદાન કરી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા અને કોઈના પણ અભાવ, અવગુણ, ખટપટ, માથાકૂટમાં પડ્યા વગર સૌના ગુણ ગાઈ, જોઈ, સાંભળી અહોહોભાવે સંતોનાં વચને સેવા-ભક્તિમાં રસબસ રહેવાનું માર્ગદર્શન આપ્યું. તેઓએ સૌ સંતો અને યુવાઓની ભક્તિને બિરદાવી. અંતે શ્રી ઠાકોરજીને ભાવથી અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરવામાં આવ્યો. અન્નકૂટની આરતી અર્પણ કરી, સત્સંગ-સમાગમનો પરમ આનંદ મેળવી સૌએ ધન્યતાની અનુભૂતિ કરી. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પ્રાગટ્ય ઉત્સવ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** રથયાત્રા - સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો તિથિ પ્રમાણેનો પ્રાગટ્યદિન ! ૨૭ જૂન ૨૦૨૫, રથયાત્રાના મહામંગલકારી પર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો ૮૪મો પ્રાગટ્યોત્સવ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો. વિશેષ તો, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સ્વહસ્તે તૈયાર કરેલ વિશિષ્ટ વાઘા આજે શ્રી ઠાકોરજી મહારાજે ધારણ કર્યા હતા. પૂ. અશ્વિનદાદાએ મુખ્ય મંદિરજીમાં શ્રી ઠાકોરજીની શણગાર આરતી અર્પણ કરી દિવ્ય દર્શનનો લાભ આપ્યો. ૮૪ વર્ષે પણ તેઓ દ્વારા અર્પણ કરાયેલ ભક્તિની પરાકાષ્ઠાનાં દર્શન કરી સૌ ભાવવિભોર થયા. આ પ્રસંગનું જીવંત પ્રસારણ ડિજિટલ માધ્યમ દ્વારા



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૪મા પ્રાગટ્યપર્વનું મંચદર્શન

કરવામાં આવ્યું, જેનાં દર્શન દેશ-પરદેશમાં વસતા હજારો ભક્તોએ કર્યાં. સંતભગવંત સાહેબજીએ આ પ્રસંગે પૂ. અશ્વિનદાદાની સેવાને બિરદાવી પ્રસન્નતા વ્યક્ત કરી અને આશીર્વાદ વરસાવી તેઓના મહિમાની અદ્‌ભુત વાતો કરી.

સાંજે 'યોગીપ્રસાદ'ના સભાખંડમાં માહાત્મ્યદર્શન સભા યોજાઈ. સભામાં પૂજન અને પુષ્પાર્પણ થયા બાદ પ્રાસંગિક મહિમાગાન કરવામાં આવ્યાં. ભાવિશાબહેન (યુ.કે.), દીપેનભાઈ રુઘાણી (ઑસ્ટ્રેલિયા)એ અનુભવદર્શન કરાવી વિશેષ મહિમા ગાયો. ત્યારબાદ સાધુ પૂ. રવિદાસજી અને સાધુ પૂ. સતીશદાસજીએ પૂ. અશ્વિનદાદાની ગુરુભક્તિ અને પ્રભુભક્તિનાં અદ્‌ભુત દર્શન કરાવ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા સાધુ પૂ. પરેશદાસજી, સાધુ પૂ. રવિદાસજી પરદેશની ધર્મયાત્રાએ પધારતા હોવાથી તેઓને સભામાં ભાવભરી વિદાય આપવામાં આવી. પૂ. મનોજદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પૂ. અશ્વિનદાદાના મહિમાને વિસ્તારી સુંદર સમજણ પૂરી પાડી. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યા. મહિમાની વર્ષામાં ભીંજાઈ સૌ અપાર આનંદમાં ગરકાવ થયા. ◆

*** ઉપાસના ધામ, ખારઘર :** ૨૮ જૂન ૨૦૨૫, શનિવારના રોજ ઉપાસના ધામ, ખારઘર ખાતે યોજિત અઠવાડિક સત્સંગસભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો ૮૪મો પ્રાગટ્યદિન મુંબઈ પ્રદેશના હરિભક્તોએ મહિમાસભર ભક્તિ સાથે સાધુ પૂ. દિનેશદાસજી, પૂ. હરિકૃષ્ણદાસજી તથા કે. સી. સિંહસાહેબની ઉપસ્થિતિમાં ઊજવ્યો. સૂરવૃંદનાં બાળ સેવકોએ પૂ. અશ્વિનદાદાને પ્રિય ભજનો ગાઈને ભક્તિ અર્પણ કરી. ડૉ. હિતેન્દ્રભાઈ ભીરુડ અને દેવેનભાઈએ સૌ વતી પૂજન અને હાર અર્પણ કરી ભાવ ધર્યા. બ્રિજભાઈ, હસમુખભાઈ, પારસભાઈ તથા લવીનાબહેને પૂ. અશ્વિનદાદા સાથેના સ્વાનુભવો તથા તેઓની આજ્ઞાથી જીવનમાં આવેલ હકારાત્મક પરિવર્તનોની વાતો કરી અંતરથી કૃતજ્ઞતાભાવ અર્પણ કરી. 'જીવનું રૂડું કરે તેવા સાધુ પૂ. અશ્વિનદાદા છે' તેમ જણાવી સાધુ પૂ. દિનેશદાસજીએ આશીર્વાદ વરસાવી સૌને મહિમામાં લીન કર્યાં. ◆

*** ઉપાસના ધામ, સુરત :** ૨૯ જૂન ૨૦૨૫ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૪મા પ્રાગટ્યપર્વની ઉજવણી સુરતના ઉપાસના ધામ ખાતે કરવામાં આવી. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિથી સાધુ પૂ. રમેશદાસજી-ઝા, સાધુ પૂ. રાજુદાસજી અને સાધુ પૂ. દિવ્યેશદાસજી પધાર્યા. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ પધારી આ ઉત્સવનો આનંદ માણ્યો. બાળમંડળનાં ભક્તિબહેન, યુવાનો પૈકી દેવભાઈ અને નેન્સીબહેન, ગૃહસ્થ અક્ષરમુક્તો પૈકી મીનાક્ષીબહેન, ચંદ્રિકાબહેન, અરવિંદભાઈ નાવડિયા, મૂકેશભાઈ, અશ્વિનભાઈ હીરપરા, પૂનમભાઈ શર્મા આદિ ભક્તોએ પૂ. અશ્વિનદાદા

સાથેનાં દિવ્ય સંસ્મરણો અને સ્વાનુભવો વર્ણવ્યાં. સાધુ પૂ. રાજુદાસજી અને સાધુ પૂ. રમેશદાસજીએ અદ્‌ભુત મહિમા ગાઈને સત્સંગસુખ પ્રદાન કર્યું. બાળમંડળ દ્વારા પૂ. અશ્વિનદાદા માટે તૈયાર કરાયેલ વિશિષ્ટ કાર્ડ સંતોને અર્પણ કર્યું. સભાને અંતે ડૉ. બિમલભાઈ સુખડિયાએ આભારદર્શન કરીસૌની સેવાને બિરદાવી.

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ૨૯ જૂન ૨૦૨૫, રવિવારના રોજ સાંજે ઉપાસના ધામ, અમદાવાદ ખાતે માસિક કીર્તન આરાધનામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો ૮૪મો પ્રાગટયદિન તેઓના તથા સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. હર્ષદદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. મૂકેશદાસજી અને પૂ. ચંદ્રેશદાસજીનાં સાંનિધ્યે ભવ્ય રીતે ઉજવાયો. સભા પ્રારંભે સૂરવૃંદ દ્વારા સુંદર કીર્તનભક્તિ અર્પણ થઈ. આ પ્રસંગે ઇંગ્લેન્ડ પરત પધારી રહેલાં ભાવિશાબહેનને યાત્રાની શુભેચ્છાઓ અર્પણ કરવામાં આવી.

બાળમંડળનાં લગભગ ૩૫ જેટલાં દીકરા-દીકરીઓએ પોતે જાતે બનાવેલ કાર્ડ અર્પણ કર્યાં તેમજ 'સ્વામીની વાતો', શ્લોકો જેવું કંઈક ને કંઈક મુખપાઠરૂપે બોલીને ભેટ રૂપે અશ્વિનદાદાને અર્પણ કર્યાં. સાધુ પૂ. મૂકેશદાસજી અને પૂ. ઉત્પલદાસજીએ મહિમાગાન પ્રવચન કર્યાં તથા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સૌને ફોન દ્વારા આશીર્વાદ આપ્યા. ◆

*** ઉપાસના ધામ, શિણાય :** ૨૯ જૂન ૨૦૨૫, રવિવારના રોજ ૧૫૫મી માસિક કીર્તનસંધ્યામાં સ્થાનિક ભક્તો દ્વારા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૪મા પ્રાગટ્યદિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ.અશોકદાસજી અને માણાવદરથી સાધુ પૂ. હરેશદાસજી પધાર્યા. સૌ સ્થાનિક ભક્તોએ ભેગા મળી ભજનસંધ્યાની રમઝટ માણી. કીર્તનભક્તિ દ્વારા સૂરવૃંદના સૌ ભક્ત કલાકારોએ ઉપસ્થિત સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા. ત્યારબાદ જતીનભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. અને સાધુ પૂ. હરેશદાસજી તથા પૂ. અશોકદાસજીએ મહિમાગાન કરી આશીર્વાદ પાઠવ્યા. ◆

*** ઉપાસના ધામ, ફ્લૉરિડા :** અનુપમ મિશન, ફ્લૉરિડા મંડળ દ્વારા ૨૮ જૂન ૨૦૨૫ના રોજ લૅકલૅન્ડ સ્થિત મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૪મા પ્રાગટ્યદિનની સભા યોજી ભક્તિ અર્પણ કરવામાં આવી. સતત ત્રણ કલાક સુધી સાધુ પૂ. નરેન્દ્રદાસજી અને સાધુ પૂ. અરવિંદદાસજીનાં સાંનિધ્યે ખૂબ અદ્‌ભુત ઉજવણી સંપન્ન થઈ. મીનેશભાઈએ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીનાં અપ્રતિમ માહાત્મ્યની વાતો કરી. યુવાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરીને ભક્તિ અદા કરી. મંડળના વડીલોએ પણ આ પ્રસંગે વિશેષ ભાવ ધર્યા. નિલેશભાઈ, હરેનભાઈનાં માર્ગદર્શન હેઠળ સૌ ભક્તોએ ભક્તિ અદા કરી અંતરની ભાવવંદના ધરી. ◆

## ઝેન કિડ્સ રિટ્રીટ

૮ જૂન ૨૦૨૫, રવિવારના રોજ અમેરિકાના ફ્રિમૉન્ટ મંડળના ભક્તોએ ભાવેશભાઈ-છાયાબહેનનાં માર્ગદર્શન હેઠળ અનુપમ મિશન 'Cares' અંતર્ગત ઝેન કિડ્સ રિટ્રીટનું આયોજન કર્યું. આ રિટ્રીટની થીમ વિશ્વયોગ દિવસ નિમિત્તે 'યોગ' રાખવામાં આવી હતી. રિટ્રીટમાં સહભાગી બાળકો નિયમિત યોગાસન, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર આદિ કરવાનું શીખ્યાં. પૌષ્ટિક આહાર અને નિયમિત યોગના અભ્યાસ દ્વારા માનસિક સ્વસ્થતા મેળવવાની સમજણ રિટ્રીટમાં તેઓને પ્રવૃત્તિઓ દ્વારા આપવામાં આવી. એકાગ્રતા અને યાદશક્તિ વધે તેવી રમતો રમાડી તેમજ આર્ટ-ક્રાફ્ટ અને જંગલ વૉક જેવી પ્રવૃત્તિઓ કરાવીને પણ રિટ્રીટનાં સહભાગી બાળકોએ આનંદ માણ્યો. સમગ્ર રિટ્રીટ સફળ બનાવવા માટે સ્થાનિક જવાબદાર યુવાઓએ ખૂબ દાખડો કરી ભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજીએ સૌ પર ફોનના માધ્યમથી પ્રસન્નતા વરસાવી. ◆



ઉપાસના ધામ, સુરત મંદિરે સંતોનાં સાંનિધ્યે પૂ. અશ્વિનદાદા પ્રાગટ્યદિનની ઉજવણી



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની સભામાં આશીર્દાન